# Prime Minister's Telephone Conversation with Crown Prince Mohd. Bin Salman of Saudi Arabia

March 17, 2020

## સાઉદી અરબનાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વડાપ્રધાનની ટેલીફોન પર વાતચીત

માર્ચ 17, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સાઉદી અરબ કિંગ્ડમનાં ક્રાઉન પ્રિન્સ મહામહિમ મોહમ્મદ બિન સલમાન સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને આગેવાનોએ કોવિડ-19 મહામારી બાબતમાં વૈશ્વિક  પરિસ્થિતિની ચર્ચા કરી હતી.

વડાપ્રધાને આ વૈશ્વિક પડકાર કે જેણે અમુક લાખ લોકોનાં આરોગ્ય અને સુખાકારીને પ્રભાવિત કરી છે એટલું જ નહીં પરંતુ વિશ્વનાં ઘણા ભાગોમાં અર્થવ્યવસ્થા પર પ્રતિકૂળ અસર કરવાનો ભય ફેલાવ્યો છે તેને યોગ્ય રીતે સંબોધવા માટે સંકલિત પ્રયાસો કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

આ સંદર્ભમાં, વડાપ્રધાને સાર્ક દેશો વચ્ચે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવાની તાજેતરની પહેલનો ઉલ્લેખ કર્યો હતો.

બન્ને નેતાઓ સંમત થયા હતા કે કોવિડ-19 ની વૈશ્વિક  મહામારી દ્વારા ઉભા થયેલા પડકારોને સંબોધવા અને વૈશ્વિકસ્તર પર લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા અમુક ચોક્કસ પગલાઓની ચર્ચા કરવા માટે સાઉદી અરબની જી20 અધ્યક્ષ તરીકે આગેવાની હેઠળ જી20 નેતાઓનાં સ્તર પર તેનાં જેવો મહાવરો કરવો વૈશ્વિક સ્તર પર ઉપયોગી સાબિત થશે.

વડાપ્રધાન અને ક્રાઉન પ્રિન્સે નક્કી કર્યું હતું કે આ બાબતમાં તેઓનાં અધિકારીઓ નજીકનાં સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**માર્ચ 17, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.